તા.૧૪/૦૯/૨૦૨૧

પ્રતિ,

તંત્રીશ્રી,

દૈનિક......................

<u>આજી નદીના કાંઠે આવેલ રામનાથ મહાદેવ મંદિરની સ્થળ મુલાકાત લેતા ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, મેયર ડૉ.પ્રદિપ ડવ સહિતના પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓ...</u>



ગઈકાલે શહેરમાં ખૂબજ સારો વરસાદ પડેલ. સર્વત્ર વરસાદના કારણે આજી નદીમાં પુર આવેલ. આજી નદીના કાંઠે સ્વયંભુ બિરાજતા રામનાથ મહાદેવ મંદિરને પુરના પાણી ફરી વળેલ. પુરના કારણે મંદિર તથા મંદિરની આજુબાજુ કચરો ભેગો થયેલ હોય જેને ફરીથી વ્યવસ્થિત સફાઈ થાય તેના અનુંસધાને આજ તા.૧૪/૦૯/૨૦૨૧ના રોજ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, મેયર ડૉ.પ્રદિપ ડવ, ડે.મેયર ડૉ.દર્શિતાબેન શાહ, દંડક સુરેન્દ્રસિંહ વાળા, ડે.કમિશનર એ.આર. સિંઘ, વોર્ડ નં.૦૭ના કોર્પોરેટર દેવાંગભાઈ માંકડ, વર્ષાબેન પાંધી, જયશ્રીબેન

ચાવડા, વોર્ડ નં.૦૭ના પ્રભારી પ્રતાપભાઈ વોરા, મહામંત્રી અનિલભાઈ લીંબડ, રાજુભાઈ મુંધવા, ડે. એન્જી.પટેલીયા, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના પર્યાવરણ અધિકારી નિલેશભાઈ પરમાર, નાયબ પર્યાવરણ અધિકારી ઝીંઝાળા વિગેરે ઉપસ્થિત રહેલ.

આજી નદીમાં પુરના કારણે ઉપરવાસથી આવેલ કચરો, ગંદકી, ઝાડા-જાખરા વિગેરે મંદિર પાસે થર જામી જતા હોય છે. રામનાથ મહાદેવ મંદિર શહેરીજનો માટે એક આસ્થાનુ પ્રતિક હોય પુરના કારણે મંદિર તથા મંદિરની આજુબાજુ ગંદકીની સફાઈ માટે ધારાસભ્ય તથા પદાધીકારીશ્રીનો ઉપસ્થિતિમાં તંત્ર દ્વારા ઝુંબેશના સ્વરૂપે કાર્યવાહી શરૂ કરવામાં આવેલ તેમજ મંદિર લાગુ રસ્તા પર પડેલ ખાડાની તાત્કાલિક મરામત કરવા, મંદિરના પરિસરમાં તેમજ આજુબાજુ સ્વચ્છ બંને તે માટે સંબંધક અધિકારીઓને સુચના આપેલ.

(પી.એ. ટુ મેયર)